eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 207
December 04, 2009



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૯–૧૧–૨૦૦૯, રવિવારના રોજ ગુજરાત રાજયના મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે લોકાર્પણવિધિ/ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૯–૧૧–૨૦૦૯, રવિવારના રોજ સાયન્સ સેન્ટરની લોકાર્પણવિધિ, દિલ્હી ગેટ ફલાય ઓવરબ્રિજ, અડાજણ ફલાય ઓવર બ્રિજનું જાહેર સમારંભના સ્થળેથી તકતી અનાવરણ, સુરત–નવસારી કોરીડોર ખચતક પ્રોજેકટની ખાતમુહૂર્તવિધિ,ગુજરાત રાજયના મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે સંપન્ન થયા બાદ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સરથાણા નેચરપાર્ક ખાતે વાઈલ્ડ લાઈફ ઈન્ટરપ્રીટેશન સેન્ટરની લોકાર્પણવિધિ ગુજરાત રાજયના આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ વિભાગના મા.મંત્રી શ્રી મંગુભાઈ પટેલના વરદ્હસ્તે તા.૨૯–૧૧–૨૦૦૯, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકેસંપન્ન થઈ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ વરાછા ઝોનમાં સરથાણા નેચરપાર્ક ખાતે વાઈલ્ડ લાઈફ ઈન્ટરપ્રીટેશન સેન્ટરની લોકાર્પણવિધિ ગુજરાત રાજયના આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ વિભાગના મા. મંત્રી શ્રી મંગુભાઈ પટેલના વરદ્હસ્તે તા. ૨૯–૧૧–૨૦૦૯, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માનનીય મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાયન્સ સેન્ટરનું સ્પે. કવર રીલીઝ

સુરત મહાનગરપાલિકા અને ડીપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ, ગુજરાતના સંયુકત ઉપક્રમે તા. ૨૯ મી નવેમ્બર ૨૦૦૯નાં રોજ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ધ્વારા અને મંત્રીગણ, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, માન. મેયરશ્રી તેમજ અન્ય પદાધિકારીઓ, ચીફ પોસ્ટ માસ્તર જનરલ, ગુજરાત રાજયની ઉપસ્થિતીમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વસ્તી ગણતરી અંગેની પ્રેસનોટ

ભારતના સર્વાંગિ વિકાસ માટે વસતિ ગણતરી એ મહત્વનું અંગ છે. વસતિ ગણતરી દેશના વિકાસની રૂપરેખાનો અંદાજ કાઢવા માટે પણ મહત્વનું પાસું છે. અને તે માટે સેન્સસ એકટ–૧૯૪૮ ના કાયદા હેઠળ ભારત સરકાર ધ્વારા દર વર્ષે વસતિ ગણતરીનું કાર્ય યોજવામાં આવે છે. આગામી વસતિ ગણતરીની પ્રથમ તબકકાની કામગીરી એપ્રિલ/મે–૨૦૧૦ તથા બીજા તબકકાની કામગીરી ફેબ્રુઆરી/માર્ચ–૨૦૧૧માં થનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## આરોગ્ય લક્ષી કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા ધ્વારા સંચાલિત લિંબાયત અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ ખાતે આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિ.) માર્ગદર્શન હેઠળ તથા લિંબાયત ઝોનનાં સહયોગથી તા. ૨૬/૧૧/૦૯નાં રોજ સ્ત્રી નસબંધી કેમ્પનું આયોજન કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ડ્રેનેજ ખાતાને "Enertia Awards" એનાયત

દેશમાં કાર્યરત એનર્જી અને પાવર સેકટરને લાગતા વિવિધ એકમોને તેમના કાર્ય માટે પ્રોત્સાહિત કરવાનાં હેતુસર **Shree R. V. Shahi, Former Secretary- Power, Government of India** ની રાહબરી હેઠળ છેલ્લા બે વર્ષથી ફાલકોન મીડીયા ધ્વારા **"Enertia Awards"** વિવિધ કેટેગરી માટે એનાયત કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકાને JnNURM પ્રોજેકટ હેઠળ મળેલ ચાર એવોર્ડ

**JnNURM** યોજના અંતર્ગત કામગીરી કરી રહેલ કુલ ૬૩ શહેરો પૈકી ગુજરાતની અમદાવાદ મહાનગરપાલિકા, સુરત મહાનગરપાલિકા, રાજકોટ મહાનગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકામાં **JnNURM** યોજના હેઠળની કામગીરી ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાને ચાર એવોર્ડ અને અમદાવાદ મહાનગરપાલિકાને એક એવોર્ડ મળી ગુજરાતને પાંચ એવોર્ડ મળેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૯–૧૧–૨૦૦૯, રવિવારના રોજ ગુજરાત રાજયના મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે લોકાર્પણવિધિ/ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ





સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૯–૧૧–૨૦૦૯, રવિવારના રોજ સાયન્સ સેન્ટરની લોકાર્પણવિધિ, દિલ્હી ગેટ ફલાય ઓવરબ્રિજ, અડાજણ ફલાય ઓવર બ્રિજનું જાહેર સમારંભના સ્થળેથી તકતી અનાવરણ, સુરત–નવસારી કોરીડોર **BRTS** પ્રોજેકટની ખાતમુહૂર્તવિધિ,ગુજરાત રાજયના મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે સંપન્ન થયા બાદ શાસ્ત્રીનગર ખટોદરા ખાતે, મુખ્ય સમારંભમાં જાહેર જનતાનું ઉદબોધન કરતા તેમણે સૌ પ્રથમ સુરત શહેરની પ્રજાની એક માસ વિલંબથી આવ્યા બદલ ક્ષમા માંગતા જણાવ્યુ હતું કે, આજ રોજ સવારે સૌરાષ્ટ્રમાં ધોળીધજા ડેમ પર નર્મદાના નીર પહોંચાડવાનું ભગીરથ કાર્ય સિધ્ધ થયુ છે. આના થકી સમગ્ર સૌરાષ્ટ્રમાં સીંચાઈ અને પીવાના પાણીની જરૂરીયાત સંતોષાશે. લગભગ ૨૫ માળ સુધીની ઉંચાઈએ ૫ (પાંચ) પંપીગ સ્ટેશન ધ્વારા આ સ્વપ્ન સાકાર થયું છે. જેથી સમગ્ર સૌરાષ્ટ્ર લીલુ છમ્મ થશે તેવી ભાવના વ્યકત કરતા સુરત મહાનગરપાલિકાને સાયન્સ સેન્ટરના નિર્માણ બદલ અભિનંદન આપ્યા હતા. સમગ્ર ગુજરાતમાં સુરતનું સાયન્સ સેન્ટર આગવું સ્થાન ધરાવશે. ઉપરાંત હીરા–ટેક્ષટાઈલ ઉદ્યોગની સાથે સાયન્સ સેન્ટર સુરતની ઓળખમાં ઉમેરો કરશે. જાહેર જનતાને અપીલ કરતા તેમણે જણાવ્યું હતું કે આપણી પાસે ઐતિહાસીક ચીજ વસ્તુ, પત્રો, વિગેરે અલભ્ય ચીજ વસ્તુઓ હોય તો સમાજના ઉપયોગ માટે મ્યુઝીયમમાં મૂકવાથી આગામી સદી સુધી સાચવણી થશે અને કલા વારસાની જાળવણી થઈ શકશે. આ પ્રસંગે ભારત સરકારના પોષ્ટ વિભાગનો આભાર વ્યકત કરતા તેમણે જણાવ્યું હતુ કે સુરતના સાયન્સ સેન્ટર માટે તેમણે ૧ (એક) કવર પ્રસિધ્ધ કરેલ છે. સુરતે અર્થકારણમાં સીમાચીન્હ રીતે ઉત્તમ જગ્યા બનાવી છે. આના માટે આવશ્યક માળખાકીય સુવિધા વિકાસનું મોડેલ ઉભું થાય તે જરૂરી છે. રાજયમાં સુરત જીલ્લા સેવા સદન એવી પ્રથમ કચેરી છે જે સોલાર એનર્જીથી સજજ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ઘન કચરામાંથી ઉર્જા ઉત્પન્ન કરે છે. **BRTS** યોજના વિશે માહિતી આપતા તેમણે જણાવ્યું કે **BRTS** પ્રકલ્પ સૌથી પહેલા ગુજરાતની ધરતી પર સાકાર થયો છે. વધુ લાઈનના રસ્તા બનાવવાથી ટાફિક સમસ્યાનું નિરાકરણ થશે નહીં. પરંતુ પબ્લીક ટ્રાન્સપોર્ટ સીસ્ટમના વિકાસથી પ્રજાને સવલત પ્રાપ્ત થશે અને ટ્રાફીકની સાથે પર્યાવરણની સમસ્યાનો પણ મહદઅંશે નિરાકરણ થશે. આ યોજના સાકારિત થતા સયમનો બચાવ થશે. આ અંગે આ પ્રોજેકટ સમાજમાં ગૌરવપૂર્ણ બને તે જરૂરી છે. વિદ્યાર્થીઓને સાયન્સ સેન્ટરની મુલાકાત ચોકકસ લેવા અનુરોધ કરતા તેમણે મહાનગરપાલિકાને અપીલ કરી હતી કે ગમ્મત સાથે જ્ઞાન વિજ્ઞાનનું માર્ગદર્શન આપતા આ સાયન્સ સેન્ટરને સાંજના સમયે પણ વધુ સમય માટે ખુલ્લુ રાખવુ જરૂરી છે. જેથી સમાજના તમામ વર્ગો તેનો લાભ લઈ શકે. હેરીટેજ બિલ્ડીંગ, મ્યુઝીયમ, સાયન્સ સેન્ટર જેવા પ્રકલ્પોની જાળવણી માટે સીનીયર સીટીઝનોને પણ જોડવા અને સહકાર લઈ જવાબદારી લેવા જણાવેલ. ગુજરાતના વિકાસ માટે નાગરિકોને શકય તેટલો સમય આપવા તેમણે જણાવેલ આગામી ૨૦૧૦માં ગુજરાતની સુવર્ણ જયંતી છે જેની ઉજવણી ફકત સરકાર ન કરે પરંતુ એસોસીયશેન–શાળા–કોલેજો–મીડીયાના મિત્રો પણ ખાસ અંક પ્રસિધ્ધ કરે અને ચેનલો સી. ડી. બનાવે. મારે ગુજરાત માટે કંઈક કરવુ છે. ગુજરાતના તમામ નાગરિકોને વિનંતી છે કે મને ૧ (એક) વર્ષમાં ૧૦૦ કલાક આપો. મારે તમારા ૧૦૦ કલાકનો ઉપયોગ કરવો છે. તમને શિક્ષણ–આરોગ્ય–હરીયાળુ ગુજરાત બનાવવામાં રસ હોય તો તેવા ૧૦૦ કલાક મને આપો. મને ખાત્રી છે કે ગુજરાતના યુવકો પોતાના જીવનના અમૂલ્ય ૧૦૦ કલાકના દાન આપે રૂપિયા કરતા સમયનું દાન અમૂલ્ય છે તેથી ગુજરાતની આવતીકાલ માટે આપની અમૂલ્ય સેવા અનિવાર્ય છે. જેથી સુવર્ણ જયંતી વર્ષમાં દરેક નાગરિકના સાથ–સહકાર અને લોકભાગીદારીથી ગુજરાતનો આગવો વિકાસ સાધી શકીએ. આ માટે યુવાનોને શિક્ષણ, સ્વચ્છતા અને આરોગ્યક્ષેત્રે કામગીરી માટે વર્ષમાં ૧૦૦ કલાક ફાળવવા આગળ આવવા આહવાન કરેલ. નાગરિક શકિત ઉભી કરી ગુજરાતના વિકાસને નવી શકિત સામર્થય આપવા પ્રયાસ કરવા સુરતીઓને આહવાન કરી સુરતના વિકાસની ગતીને તેજ કરવા જણાવેલ.

**Continue …**



આ પ્રસંગે શ્રી નિતીનભાઈ પટેલ,મા. મંત્રીશ્રી, પાણી પુરવઠા, જળસંપત્તિ (કલ્પસર પ્રભાગ સિવાય ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણે જણાવ્યું કે સાયન્સ સેન્ટરનો થીમ ગુજરાત રાજયનું નવલુ નજરાણું છે. માહિતીપ્રદ આ પ્રકલ્પ ઉપરાંત ફલાયઓવર, બીઆરટીએસ પ્રોજેકટ સાકારિત થતા ટ્રાફીકની સમસ્યા સાથે પર્યાવરણની પણ જાળવણી થશે. ગુજરાત સરકાર ધ્વારા સી. એન. જી. પંપીગ સ્ટેશનની શુખંલા ઉભી કરવામાં આવી છે. જેથી પર્યાવરણી જાળવણી તથા વાહનવ્યવહાર વ્યવસ્થામાં મદદરૂપ થઈ શકશે. ગુજરાત સરકારના માર્ગદર્શન–સહકાર મા.મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી વિકાસના કામોનું આયોજન નિર્માણ કરવામાં આવે છે. સમગ્ર દેશમાં કેન્દ્ર સરકારની યોજનાનો અસરકારક અમલ ગુજરાત સરકારે અમલ કરી અનેક વિકાસના પ્રકલ્પોનું નિર્માણ કરી પ્રજાને અર્પણ કર્યા છે આ બદલ સુરત મહાનગરપાલિકા અભિનંદનને પાત્ર છે. આ સમગ્ર યોજનામાં ગુજરાત સરકાર તથા મહાનગરપાલિકાના સહકાર ઉપરાંત પ્રકલ્પ માટે જમીનની ફાળવણી સરકાર તેમજ મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવે છે. ૧૦૮ એમબ્યુલન્સ યોજનાનો અમલ ગુજરાત રાજયમાં અસરકારક રીતે થયેલ છે.



આ પ્રસંગે શ્રીમતિ આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી, મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણે પ્રસંગને ઉચીત ઉદબોધન કરતા જણાવ્યુ હતું કે જીલ્લાઓમાં અનેક ગામડાંઓ આવેલ છે જેની સુવ્યવસ્થા માટે એક કચેરીમાં તમામ ઓફિસો હોય અને વહીવટમાં સરળતા રહે તે અભિગમ સાથે સેવાસદનનું લોકાર્પણ કરવામાં આવેલ છે. જીલ્લા સેવા સદનમાં ૨૫ કચેરીઓનો સમાવેશ એક જ સ્થળે કરવામાં આવેલ છે. આજ રીતે તાલુકા કક્ષાએ પણ સેવાસદનો તૈયાર કરવાનું આયોજન સરકારનું રહેલ છે. ચોમાસામાં અનેક ગામડાંઓ પાણીથી ઘેરાય જાય અને સંપર્ક વિહોણા રહે ત્યારે વાહન વ્યવહારની સવલત માટે ૧૨ માસી રસ્તો યોજના રૂા.૧૩૦૦ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે. ચૂંટણીમાં મહિલાઓને ૩૩% અનામત મહાનગરપાલિકા, જીલ્લા પંચાયત અને નગરપાલિકા કક્ષાએ આપવામાં આવેલ છે. હવે પછી ૩૩% ને બદલે ૫૦% અનામત રાખવા નિર્ણય કરવામાં આવેલ છે. જેથી વહીવટમાં મહિલાઓને તાલીમ આપી સુવહિવટ સ્થાપી શકાય.




કાર્યક્રમની શરૂઆતમાં મા.મેયરશ્રીએ, મા.મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, શ્રીમતિ આનંદીબેન પટેલ,મા. મંત્રીશ્રી, મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત રાજય, શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ, મા. મંત્રીશ્રી, આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ, ગુજરાત રાજય, શ્રી સૌરભ પટેલ, મા. રાજયકક્ષાના મંત્રીશ્રી, નાણાં, ઉર્જા અને પટ્રોકેમીકલ્સ, ગુજરાત રાજય, શ્રીમતિ દર્શનાબેન જરદોશ, મા. સાંસદશ્રી, શ્રી સી. આર. પાટીલ, મા. સાંસદશ્રી, આંદામાન નિકોબારના મા. સાંસદશ્રી રોય, તેમજ અન્ય મંચસ્થ મહાનુભાવો ને અંતઃકરણપૂર્વક આવકાર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિવિધ મહાનુભાવો ધ્વારા મંચસ્થ મહાનુભાવોનું યથોચીત સન્માન કરવામાં આવેલ. શહેરના દાનવીરોએ મા.મુખ્યમંત્રીશ્રીના "કન્યા કેળવણી ફંડ" માં રૂા.૧૮ લાખની રાશી આપેલ.

અંતમાં ડે. મેયરશ્રીએ મંચસ્થ મહાનુભાવો, પત્રકાર મિત્રો, જાહેરજનતા નો અત્રે ઉપસ્થિત રહેવા બદલ આભાર માનેલ. આ પ્રસંગે ધારાસભ્યશ્રીઓ, સરકારી અધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ તેમજ મ્યુ. કમિશનરશ્રી એસ. અપર્ણા, અધિકારીશ્રીઓ અને કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

**TOP**

## સરથાણા નેચરપાર્ક ખાતે વાઈલ્ડ લાઈફ ઈન્ટરપ્રીટેશન સેન્ટરની લોકાર્પણવિધિ ગુજરાત રાજયના આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ વિભાગના મા.મંત્રી શ્રી મંગુભાઈ પટેલના વરદ્હસ્તે તા.૨૯–૧૧–૨૦૦૯, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકેસંપન્ન થઈ





સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ વરાછા ઝોનમાં સરથાણા નેચરપાર્ક ખાતે વાઈલ્ડ લાઈફ ઈન્ટરપ્રીટેશન સેન્ટરની લોકાર્પણવિધિ ગુજરાત રાજયના આદિજાતી વિકાસ, વન અને પર્યાવરણ વિભાગના મા. મંત્રી શ્રી મંગુભાઈ પટેલના વરદ્હસ્તે તા. ૨૯–૧૧–૨૦૦૯, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માનનીય મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે સંપન્ન થઈ.

ઈન્ટર પ્રિટેશન સેન્ટર એટલે વાઈલ્ડ લાઈફ–નેચર રિસોર્સ (પ્રબંધક) માટે એક અસરકાર પ્રચાર–પ્રસારનું શિક્ષણનું આવશ્યક ઉપકરણ/સાધન/માધ્યમ છે. જે ઉપકરણ/સાધન/માધ્યમથી પ્રત્યક્ષ–અપ્રત્યક્ષ રીતે એક વ્યકિતથી બીજા વ્યકિતમાં/મારફત ગુજરાત રાજય તેમજ આપણા દેશના વન્ય જીવ પ્રાણીઓ, જૈવિક વિવિધતા, પર્યાવરણ અને પર્યાવરણના લગતા મુદ્દાઓ, તેની સામે ઉભી થયેલ સમસ્યાઓ, પરિસ્થિતિ અને તેનું નિરાકરણ બાબત તમામ પ્રકારનું પ્રકૃતિ શિક્ષણ/જાણકારી જે વિવિધ ચિત્રો–પોષ્ટર–આકૃતિઓ ઓડીયો વિઝયુઅલ મારફત મળી રહે અને તે નિહાળવાથી પ્રકૃતિ વિશે સવિશેષ જિજ્ઞાસાવૃત્તિ જાગે તેથી પ્રકૃતિના રક્ષણ–સંરક્ષણ કરવાની ઉત્કંઠા ફેલાય.

સદર સેન્ટરના મુખ્ય ધ્યેયો આ ઉપકરણ/સાધન/માધ્યમથી લોકોમાં પ્રકૃતિ અને પ્રકૃતિ ધ્વારા/માં આવેલ સંશોધનો બાબત જાણકારી આપી શકાય. પર્યાવરણને લગતા મુદ્દા બાબત જન–જાગૃતિ લાવી શકાય. માનવ અને પ્રકૃતિ સંશોધનો વચ્ચેના પરસ્પર સંબંધોની સમજૂતિ/જાણકારી આપી શકાય. મુલાકાતીઓને પ્રકૃતિ શિક્ષણનું અસરકારક જ્ઞાન અને મનોરંજન આપી તેઓમાં જીજ્ઞાશાવૃત્તિ જગાડી શકાય.

સદર સેન્ટરના અપ્રત્યક્ષ/આડકતરા ફાયદાઓ : પ્રકૃતિ અને પ્રકૃત્તિમાં અસ્તિત્વ જીવ–જંતુ અને વનસ્પતિ બાબત શિક્ષણ અને જન જાગૃતિ કેળવી તેનું રક્ષણ–સંરક્ષણનું મહત્વ પેઢી–દર પેઢીઓને સમજાવવું. જાહેર જનતા અને બાળકોને (વ્યકિતગત રીતે) પ્રકૃતિના રક્ષણ–સંરક્ષણ માટે, પ્રકૃતિના પડકારરૂપ મુદ્દાઓ બાબત જાણકારી આપવી તેમજ તે માટે કઈ રીતે વર્તવું, પડકારોનો પહોંચી વળવા સરકાર કઈ રીતે પગલાં લઈ લઈ રહેલ છે તેની જાણકારી આપવી. ભણતા વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ સામે આવનાર પડકારોને ઝીલી તેનો સામનો કઈ રીતે કરવો તે બાબતનું શિક્ષણ આપવું. આજની પેઢી અને આવનાર પેઢી (જાહેર જનતા) કઈ રીતે વ્યવહારૂ બની, અવાજ–ઘોંઘાટ–પાણી–હવાના પ્રદુષણને કઈ રીતે ઓછું કરી શકાય તે બાબતનું શિક્ષણ આપી શકાય.

ગુજરાત રાજય પ્રવાસન પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે. શહેરની શિક્ષણ સંસ્થાના બાળકોને વન અને પર્યાવરણ, સૃષ્ટિની વિવિધતા વિશે સવિશેષ જાણકારી અને શિક્ષણ મળે. મુલાકાતીઓ/તમામને પ્લાસ્ટીક વપરાશથી પર્યાવરણને થતા ગેરફાયદા અંગે શિક્ષણ/જાણકારી મળે અને તેનો ઉત્તરોઉત્તર વપરાશ અટકે. ઘન કચરાનું ઉત્પાદન ઓછું થાય અને તેનું વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ કરવાની જાણકારી મળી રહે. ઝુ માં આવનાર મુલાકાતીઓને નિશાચર વન્ય જીવોનું દિનચર્યા અને વર્તન બાબતે જાણકારી મળી રહે. આ પ્રકારનું સેન્ટર સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ છે.

ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધા સિવાય (બિલ્ડીંગ બાંધકામ સિવાય) કુલ ખર્ચ રૂા.૩૭ લાખ ૭૪ હજાર જેટલો થયેલ છે. પ્રકૃતિરૂપ સૌદર્યમય પ્રવેશધ્વાર. જૈવિક વિવિધતા અને વન્ય જીવ પ્રાણીને લગતું માહિતીસભર પ્રદર્શન તથા ગ્લોબલ વોર્મીંગ, પ્રદૂષણ નિયંત્રણ, અવર્નેશને લગતી માહિતી (૧૬૦૦ ચો.ફુટ) નિશાચર વન્ય જીવ પ્રાણીઓની પ્રવૃત્તિઓનો સાઉન્ડ અને લાઈટ શો (૯૦૦ ચો.ફુટ), ઓફીસ કમ ઓપરેટીંગ રૂમ (૧૦૦ ચો.ફુટ).

આ પ્રસંગે અતિથિવિશેષશ્રીઓ શ્રી કિશોરભાઈ એસ. કાનાણી (કુમાર) મા. ડે. મેયરશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, શ્રી ભીમજીભાઈ પટેલ મા. નેતાશ્રી શાસક પક્ષ, મ્યુ. કમિશનરશ્રી એસ. અપર્ણા તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## સાયન્સ સેન્ટરનું સ્પે. કવર રીલીઝ

સુરત મહાનગરપાલિકા અને ડીપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ, ગુજરાતના સંયુકત ઉપક્રમે તા. ૨૯ મી નવેમ્બર ૨૦૦૯નાં રોજ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ધ્વારા અને મંત્રીગણ, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, માન. મેયરશ્રી તેમજ અન્ય પદાધિકારીઓ, ચીફ પોસ્ટ માસ્તર જનરલ, ગુજરાત રાજયની ઉપસ્થિતીમાં સાયન્સ સેન્ટરનું સ્પે. કવર રીલીઝ કરવામાં આવેલ. સદર કેન્સલેશન સાથેનું સ્પેશ્યલ કવર તા. ૧ થી ૩ ડિસેમ્બર–૨૦૦૯ દરમ્યાન સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦ સુધી સાયન્સ સેન્ટર ખાતેથી વેચાણમાં મુકવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

TOP

## વસ્તી ગણતરી અંગેની પ્રેસનોટ

ભારતના સર્વાંગિ વિકાસ માટે વસતિ ગણતરી એ મહત્વનું અંગ છે. વસતિ ગણતરી દેશના વિકાસની રૂપરેખાનો અંદાજ કાઢવા માટે પણ મહત્વનું પાસું છે. અને તે માટે સેન્સસ એકટ–૧૯૪૮ ના કાયદા હેઠળ ભારત સરકાર ધ્વારા દર વર્ષે વસતિ ગણતરીનું કાર્ય યોજવામાં આવે છે. આગામી વસતિ ગણતરીની પ્રથમ તબકકાની કામગીરી એપ્રિલ/મે–૨૦૧૦ તથા બીજા તબકકાની કામગીરી ફેબ્રુઆરી/માર્ચ–૨૦૧૧માં થનાર છે.

આગામી વસતિ ગણતરી પૂર્વ તૈયારી સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવી છે. જેના ભાગ રૂપે પ્રાથમિક તબકકે શહેરી વિસ્તારને નાના બલોક (જૂથ) માં વહેંચી બ્લોક દીઠ ૧૫૫ થી ૧૫૦ કુટુંબોનો સમાવેશ થાય તે રીતે બ્લોકની હદ નકકી કરી તમામ મકાનો પર કાળા કલરની પરમેનન્ટ માર્કર પેનથી વસતિ ગણતરી ઘર નંબર લખવાની કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયુકત કરવામાં આવેલ સર્વેયરો ધ્વારા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. તો આ રાષ્ટ્રીય કામગીરીમાં જરૂરી સહકાર આપવા અને મકાનો પર લખવામાં આવેલ ઘર નંબરો માર્ચ–૨૦૧૧ સુધી જળવાઈ રહે તેની કાળજી રાખવા શહેરી જનોને વિનંતી કરવામાં આવે છે.

વધુમાં વસતિ, ગણતરીની કામગીરીનીના ફરમાનની કરવી, આ કાર્યમાં રૂકાવટ કરવી કે અવરોધ ઉભા કરવા,ઘર પ્રવેશ કે સ્થળ પ્રવેશ કરતા અટકાવવા, તથા ઘર નંબરો ભૂંસી નાંખવા કે તેમાં ફેરફાર કરવા વગેરે બાબતો ૧૯૪૮ના વસતિ ગણતરી ધારાની જોગવાઈોના ઉલ્લંઘ સમાન છે. જેની જાહેર જનેતાએ નોંધ લેવી.

TOP

## આરોગ્ય લક્ષી કામગીરી




સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા ધ્વારા સંચાલિત લિંબાયત અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ ખાતે આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિ.) માર્ગદર્શન હેઠળ તથા લિંબાયત ઝોનનાં સહયોગથી તા. ૨૬/૧૧/૦૯નાં રોજ સ્ત્રી નસબંધી કેમ્પનું આયોજન કરવામાં આવેલ. સદરહું કેમ્પમાં લિંબાયતના માજી. કોર્પોરેટર શ્રી વિનોદ પાટીલ, માજી. ડે. મેયર શ્રી રવિન્દ્ર પાટીલ, માજી.કોર્પોરેટર શ્રીમતિ લક્ષ્મીબેન રાપોલુ ધ્વારા દીપ પ્રાગટય કરી ઉદ્ઘાટન કરવામાં આવેલ. આ કેમ્પમાં મહાનગરપાલિકાનાં શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોનાં મેડીકલ ઓફિસર (વર્ગ નં–૧), ડૉ. અરૂણાબેન એમ. પટેલ, સર્જન ડૉ. પરસીસબેન મેવાવાળા ધ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવેલ સાથોસાથ ઉપરોકત કેમ્પમાં એનેસ્થેસ્ટિ ડૉ. શ્રી હિરલભાઈ શાહ, ડૉ. હેમાલીબેન શાહ, લિંબાયત અર્બન હેલ્થ સેન્ટરનાં કેમ્પ આયોજક ડૉ. અલ્પના રાની તથા ડૉ. દક્ષાબેન ગામીત હાજર રહેલ આ કેમ્પમાં કુલ ૩૫ નસબંધી ઓપરેશન થયા.

TOP

## ડ્રેનેજ ખાતાને "Enertia Awards" એનાયત



શ્રી આર. વી. શાહી, ભૂતપુર્વ સેક્રેટરીશ્રી, પાવર-ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાના વરદ હસ્તે "ENERTIA-2009" એવોર્ડ સ્વીકારતા કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ) સહિત સુરત મહાનગરપાલિકાની ટીમ

દેશમાં કાર્યરત એનર્જી અને પાવર સેકટરને લાગતા વિવિધ એકમોને તેમના કાર્ય માટે પ્રોત્સાહિત કરવાનાં હેતુસર **Shree R. V. Shahi, Former Secretary- Power, Government of India** ની રાહબરી હેઠળ છેલ્લા બે વર્ષથી ફાલકોન મીડીયા ધ્વારા **"Enertia Awards"** વિવિધ કેટેગરી માટે એનાયત કરવામાં આવેલ છે. જે સંદર્ભે **"Enertia Awards-2009"** માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા એવોર્ડની જુદી જુદી ૦૫ કેટેગરી જેવી કે (૧) ટેકનોલોજી એવોર્ડસ (૨) પાવર જનરેશન એવોર્ડસ (૩) યુટીલીટી એન્ડ ટી એન્ડ ડી એવોર્ડસ (૪) ઈન્ડીવીડીયુઅલ એચીવમેન્ટ એવોર્ડસ (૫) મોસ્ટ ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી સ્ટેટ ફોર એનર્જી એન્ડ પાવર એવોર્ડ પૈકી કેટેગરી–૨ પાવર જનરેશન અવોર્ડસ – મ્યુનીસીપલ એનર્જી કેટેગરીમાં ભાગ લેવા માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની પ્રોસેસ દરમ્યાન ઉત્પન્ન થતાં બાયોગેસનો ઉપયોગ કરી આંજણા, ભટાર, કરંજ અને સિંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે બાયોગેસ આધારિત ૩.૫ **MWe** ક્ષમતાના પાવર પ્લાન્ટ ધ્વારા ચીન એનર્જી/ઈલેકટ્રીસીટી ઉત્પન્ન કરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને ઈલેકટ્રીસીટી પૂરી પાડવાના પ્રોજેકટ માટે સદર એવોર્ડમાં ભાગ લેવામાં આવેલ હતો. સદર ચારેય પ્લાન્ટ મળી આજદિન સુધી ૧,૯૭,૦૦,૦૦૦ યુનિટ ઈલેકટ્રીસીટી ઉત્પન્ન કરવામાં આવેલ છે, જેને પરિણામે સુરત મહાનગરપાલિકાને આજદિન સુધી કુલ્લે રૂા.૮,૫૦,૦૦,૦૦૦/– ની વીજ બચત થયેલ છે.

સદર એવોર્ડના વિજેતાઓના મુલ્યાંકન માટે દેશના પાવર અને એર્જી સેકટરના સાત તજજ્ઞ સભ્યોની જયુરી પેનલ બનાવવામાં આવેલ, જેના ચેરમેન તરીકે **Shree R. V. Shahi, Former Secretary-Power, Government of India** હતા. જયુરી પેનલ ધ્વારા સુરત મહાનગરપાલિકા **"Enertia Awards-2009"** કેટેગરી–૨ પાવર જનરેશન એવોર્ડસ – મ્યુ. એનર્જીમાં વિજેતા ઘોષિત કરેલ તેમજ તા.૨૮–૧૧–૨૦૦૯ શનિવારનાં રોજ હોટલ **"The Hyatt Regency, Sahar, Andheri, Mumbai"** ખાતે આયોજિત કરવામાં આવેલ એવોર્ડ સમારંભમાં સુરત મહાનગરપાલિકાને **"Enertia Awards-2009"** એવો ર્ડ એનાયત કરવામાં આવેલ છે. પાવર અને એનર્જી સેકટરને સંલગ્ન અન્ય વિવિધ કેટેગરી માટે જમ્મુ એન્ડ કાશ્મીર હાઈડ્રોપાવર કોર્પોરેશન લી., **N.T.P.C., Moser Bear,** મધ્ય ગુજરાત વીજ કું. લી., ટોરેન્ટ પાવર વિગેરે એકમોને એવોર્ડ એનાયત થયેલ હતા.

TOP

## સુરત મહાનગરપાલિકાને JnNURM પ્રોજેકટ હેઠળ મળેલ ચાર એવોર્ડ

**JnNURM** યોજના અંતર્ગત કામગીરી કરી રહેલ કુલ ૬૩ શહેરો પૈકી ગુજરાતની અમદાવાદ મહાનગરપાલિકા, સુરત મહાનગરપાલિકા, રાજકોટ મહાનગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકામાં **JnNURM** યોજના હેઠળ ચાલી રહેલ કામગીરી ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાને ચાર એવોર્ડ અને અમદાવાદ મહાનગરપાલિકાને એક એવોર્ડ મળી ગુજરાતને પાંચ એવોર્ડ મળેલ છે.

**સુરત મહાનગરપાલિકાને નીચે પ્રમાણે ૪ (ચાર) એવોર્ડ તથા પ્રમાણપત્ર મળેલ છે.**







| | |
|---|---|
| ૧. | ઈમ્પ્લીમેન્ટેશન ઓફ સેવન પોઈન્ટ ચાર્ટર ઓફ અર્બન પુવર<br>બે લાખનું ઈનામ અને ટ્રોફી તથા પ્રમાણપત્ર. |
| ૨. | બેસ્ટ ઈમ્પ્રુવમેન્ટ ઈન ફાયનાન્શીયલ મેનેજમેન્ટ<br>બે લાખનું ઈનામ અને ટ્રોફી તથા પ્રમાણપત્ર |
| ૩. | બેસ્ટ પરફોર્મીંગ સીટી<br>ચાર લાખનું ઈનામ અને ટ્રોફી તથા પ્રમાણપત્ર |
| ૪. | પ્રો પુવર રીફોર્મ્સ ઈન જે.એન.એન.યુ.આર.એમ.<br>ચાર લાખનું ઈનામ અને ટ્રોફી તથા પ્રમાણપત્ર |




આમ સુરત મહાનગરપાલિકાને **JnNURM** યોજના હેઠળ રૂા.૧૨/– લાખના ચેક, ૪ (ચાર) ટ્રોફી અને ૪ (ચાર) પ્રમાણપત્રો એનાયત થયેલ છે. આજ રોજ સુરત મહાનગરપાલિકા તરફથી શહેરના પ્રથમ નાગરિક મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા અને મ્યુ. કમિશનરશ્રી, કુ. એસ. અપર્ણાએ નવી દિલ્હી વિજ્ઞાનભવન ખાતે મા.વડાપ્રધાન શ્રી મનમોહનસિંહના વરદ્હસ્તે જે. એન. એન. યુ. આર. એમ. ની રાષ્ટ્રીય કોન્ફરન્સમાં એવોર્ડ અને પ્રમાણપત્રો સ્વીકારેલ હતા.

TOP